અપીલ અરજી નં.૩૯૦ તા.૧–૨–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી (૧)જાહેર માહિતી અધિકારી અને એડી. સીટી ઈજનેર ને તા.૧૯–૬–૦૯ (૨) પ્રતિશ્રી વી.ડી. પટેલ એડી. સીટી ઈજનેર તા.૬–૮–૦૯ (૩) એડી. સીટી ઈજનેર તા.૬–૮–૦૯ (૪) એડી. સીટી ઈજનેર તા.૬–૮–૦૯(૫)કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન તા.૧૭–૯–૦૯ (૬) કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન તા.૧૦–૧૧–૦૯ થી ઉપરોકત અરજીઓ ગેરકાયદેથી/ પરવાનગી વિનાના/સીઓપી/માં બનાવેલ બાંધકામો દુર કરવા આપેલ છે. તે અરજીઓની આજસુધી શું શું કાર્યવાહી થઈ છે? અને ના થઈ હોય તો તેના સજજડ/ઠોસ કારણો વિ. ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૦/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૧૨–૦૯ ની અરજી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૨ તા.૯–૨–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૨૩૯ તા.૨–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૨૩૮ તા.૨–૩–૦૯ ના પત્રની નકલ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ/૩૮૫૨ તા.૧–૨–૧૦ ના પત્રની નકલ તથા બંને પત્રોના યુપીસી ધ્વારા પોસ્ટ કર્યા અંગેના રજીસ્ટરની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ પત્રો અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે કોઈ નિર્ણય કે માહિતી સમય મર્યાદામાં મળેલ ન હોવાનું જણાવી તા.૧–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ.નં.૪૨૩૯ તા.૨–૩–૧૦ થી અત્રે મળેલ પૂરક વિગતોમાં મળેલી વિગતોમાં મુળ અરજી સાથે અરજદારે કરેલ અરજીઓ અંગેની માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૮૫૨ તા.૧–૨–૧૦ થી મુળ અરજી સાથેના અરજીઓના પેઈજ નંબર મુજબ અરજી સાથે બીડાણના પેઈજ નં.૪ વાળી તા.૧૯–૬–૦૯ ની અરજી બાબતે શામળાધામ બાંધકામ અંગે સુડામાંથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. માર્જીન તથા સીઓપી અંગેની માહિતનો નકશો મેળવવાથી જાણી શકાશે. – મુદ્દામાં જણાવેલ બાંધકામનો સમાવેશ ઓમનગર સોસા.માં થાય છે. જેમાં સુડા ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જેની પૂ ર્ણ માહિતી નકશાની નકલ મેળવેથી મળી શકશે. જે બાબતે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૪૨૩૮ તા.૨–૩–૦૯ થી અરજદારને દફતરી ઈન્સ્પેકશન મેળવી મંજુરી પ્લાનની હકીકતલક્ષી દફતરી માહિતી મેળવવા પણ જણાવેલ છે. નારાયણનગર એમ–૧૬ થી બાજુમાંના બાંધકામ અંગેની કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. સામેલ અરજી પેઈજ નં.૫ તા.૬–૮–૦૯ ની અરજી બાબતે મહાપ્રભુનગર પ્લોટ નં.૪૧,૪૨ ની સામે મંગલાપાર્ક સોસા.નો કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા મંજુર કરેલ પ્લાન કચેરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જેથી માર્જીનવાળી જગ્યાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવી માહિતી આપેલ છે. –સદર મુદ્દામાં જણાવેલ બાબતે કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ મુદ્દામાં જણાવેલ મિલ્કત બાબતે કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાયેલ નથી. તેમજ ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી બાબતે રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાની રહેતી નથી. સામેલ અરજીના પેઈજ નં.૬ તા.૬–૮–૦૯ ની અરજી બાબતે સદર મુદ્દા બાબતે ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી બાબતે રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાની રહેતી નથી. – સદર મુદ્દામાં જણાવેલ ડીંડોલી ધ્વારકેશનગરના ટાવર્સ, હોસ્પિટલ તથા સ્કુલ અંગે ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી બાબતે કોઈ માહિતી આપવાની રહેતી નથી. સામેલ અરજીના પેઈજ નં.૭ તા.૬–૮–૦૯ ની અરજી બાબતે શામળાધામ સોસા.ના બાંધકામ અંગે સુડામાંથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. માર્જીન તથા સીઓપી અંગેની માહિતી નકશો મેળવવાથી જાણી શકાશે. નારાયણનગર એમ.૧૬ થી ૧૯ ની બાજુમાના બાંધકામ અંગે કોઈ માહિતી કચેરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેમજ શામળાધામના નકશા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૪૨૩૮ તા.૨–૩–૦૯ થી અરજદારને દફતરી ઈન્સ્પેકશન મેળવી મંજુરી પ્લાનની હકીકતલક્ષી દફતરી માહિતી મેળવવા પણ જણાવેલ છે. સામેલ અરજીના પઈજ નં.૮ તા.૧૬–૯–૦૯ ની અરજી બાબતે સદર મુદ્દા બાબતે ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી બાબતે રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાની રહેતી નથી. સામેલ અરજીના પેઈજ નં.૯ તા.૧૦–૧૧–૦૯ ની અરજી બાબતે અરજીમાં જણાવેલ મિલ્કત અંગે સ્પષ્ટ લોકેશન શહેર વિકાસ વિભાગને જણાવ્યેથી માહિતી આપી શકાશે.તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવવામાં આવેલ છે. અરજદારે તા.૬–૮–૦૯ અને તા.૧૬–૯–૦૯ ની અરજીઓથી ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી બાબતેની માહિતી માંગતો આગ્રહ સેવેલ છે. આથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની

જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં નકશાઓ અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા અનુસાર ઈન્સ્પેકશન મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ (બી) મુજબ ફી ભરપાઈ કરી ઉતારો કે નકલ મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ